॥ નમો નમઃ શ્રી પ્રેમસૂરયે ॥

# ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા

## (દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ)

## આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ - ૬ + ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૧ થી ૭

## ભાગ-૫૫


:: પ્રવચનકાર ::

ન્યાય વિશારદ,

સેંકડો ભવ્યાત્માઓના રાહબર

પ.પૂ. આચાર્ય શ્રી વિજય

ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા



::પ્રકાશક::

કુમારપાળભાઈ વી. શાહ

દિવ્યદર્શન ટ્રસ્ટ

૩૯, કલિકુંડ સોસાયટી,

કલિકુંડ-ધોળકા,

(અમદાવાદ)

સકલાગમરહસ્યવેદી પૂ.સ્વ. આચાર્યદેવ શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી મહારાજના મનનીય આર્હત્ પ્રવચનોનું પ્રકાશન એટલે...

**ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા (ભાગ-૫૫)**

**દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ - આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ - ૬ + ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૧ થી ૭**

**:: શુભાશિષ ::**

તપાગચ્છ ભૂષણ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય

શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા

**:: પ્રેરક-માર્ગદર્શક ::**

સંઘ શાસન કૌશલ્યાધાર પ.પૂ. આચાર્ય શ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજા

**:: સહાયક ::**

સરળ સ્વભાવી પ.પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.સા.

**પ્રથમ આવૃત્તિ : ૨૫૦** **કિંમત : ૧૫૦/-**

**વિમોચન :** પોષ સુદ-૧૨, વિ.સં.૨૦૬૮, તા.૬-૧-૨૦૧૨, શુક્રવાર
ગુરુદેવ પૂ.આ.શ્રી ભુવનભાનુસૂરિ દીક્ષા દિન

**:: પ્રાપ્તિસ્થાન ::**

| દિવ્યદર્શન ટ્રસ્ટ | દિવ્યદર્શન ટ્રસ્ટ | શ્રી ભુવનભાનુસૂરિ જૈન જ્ઞાન શાળા |
|---|---|---|
| ૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા | ૨૯/૩૦, વાસૂપૂજ્ય બંગલો, સેટેલાઈટ, અમદાવાદ | ૩૬, જ્ઞાનમંદિર સોસાયટી, નવકાર જૈન દેરાસર સામે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭ |
| ડૉ. હેમંતભાઈ-અમદાવાદ (૦૭૯)-૨૬૬૩૦૦૦૬ | ડૉ. સંજયભાઈ-સુરત ૯૮૨૫૧ ૨૧૪૫૫ | મો. ૯૪૨૭૦ ૩૭૪૯૧ (રાહુલભાઈ) |

શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ
૧૦૬, એસ.વી.રોડ, ઈર્લા-પાર્લા (વેસ્ટ)
ફોન : ૨૬૭૧૯૩૫૭

ટાઈપ સેટીંગ - મુદ્રક
જય જિનેન્દ્ર ગ્રાફીક્સ (નીતિન શાહ - જય જિનેન્દ્ર)
૩૦, સ્વાતિ સોસાયટી, સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ રોડ,
નવરંગપુરા, અમદાવાદ-૧૪. મો. ૯૮૨૫૦ ૨૪૨૦૪
ફોન : (ઓ) ૨૫૬૨ ૧૬૨૩ (ઘર) ૨૬૫૬ ૨૭૯૫
E-mail : jayjinendra90@yahoo.com

# શ્રી સુમતિનાથજિન સ્તવન-૫

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ,
તેલ બિંદુ જિમ વિસ્તરેજી, જળમાંહે ભલી રીતિ;
સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ...૧
સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તુરી તણોજી, મહીમાંહે મહેંકાય...સોભાગી...૨
આંગળિયે નવી મેરું ઢંકાયે, છાબડિયે રવિ તેજ;
અંજલિમાં જિમ ગંગ ન માયે, તિમ મુજ મન પ્રભુ હેજ; સોભાગી...૩
હુઓ છીપે નહીં અધર અરુણ જિમ, ખાતાં પાન સુરંગ;
પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ. સૌભાગી...૪
ઢાંકી ઈક્ષુ પરાળશુંજી, ન રહે લહી વિસ્તાર;
વાચક યશ કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર...૫

• • •

## શ્રી સુમતિનાથજિન સ્તવન વિવેચના-૧

**સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ,**
**તેલ બિંદુ જિમ વિસ્તરેજી, જળમાંહે ભલી રીતિ;**
**સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ...૧**

**ભાવાર્થ** : મારા મનની પ્રીત સુમતિનાથ ભગવાનના ગુણો પર ઢળવાથી વધતી રહે છે. જેમ કે, તેલનું ટીંપુ (પાણી પર પડે તો) પાણી પર વિસ્તાર પામી જાય છે. (પ્રભુના ગુણો પર પ્રીતિનાં વિસ્તારનું કારણ)'સોભાગી જિનશું'... સૌભાગ્યવંતા જિનેન્દ્ર ભગવાન પર મને અવિહડ (વિઘટન ન થાય એવો) રંગ લાગ્યો છે.

**વિવેચન** : ચોથા અભિનંદન સ્વામીની સ્તુતિમાં જિનમૂર્તિ અને જિનવાણી મળતાં કેટલો બધો અનહદ આનંદ થાય છે એ ઉપમાઓથી વ્યક્ત કર્યો. હવે એ પ્રશ્ન છે કે 'પ્રભુ મળી ગયા તેટલા માત્રથી શું ?' પણ મનમાં પ્રભુ પર અવિહડ અવિચળ રંગ જમાવવો જોઈએ, અને તે શી રીતે બને ? તો કે પ્રભુના ગુણની પ્રીતિ એવી ઊભી કરાય કે એ વધતી ને વધતી જ રહે. તો રંગ જામે. તેથી કવિ

અહીં કહે છે –

**'સુમતિનાથ ગુણશું મિલીજી...'** સુમતિનાથ ભગવાનના ગુણો જે બીજા દેવી-દેવતાઓમાં જોવા ન મળે એવા ઉત્કૃષ્ટ, અજોડ અને અપરંપાર છે કે એ વીતરાગ અરિહંતના ગુણો પર મારા મનની પ્રીત જામી પડી છે.

**પ્રભુમાં અજોડ ગુણો શાથી ? પ્રશ્ન** : ભગવાનમાં આ અન્યત્ર અલભ્ય એવા ઉત્કૃષ્ટ, અજોડ, અને અપરંપાર ગુણો શી રીતે આવ્યા ? તો કે,

**ઉત્તર :** (૧) પહેલું તો અરિહંત પ્રભુના આત્મામાં અનાદિ કાળથી વિશિષ્ટ તથા-ભવ્યત્વ હોય છે, અને અજિનસિદ્ધ થનારા બીજા ભવ્ય જીવો કરતાં વિશિષ્ટ પ્રશ્ને અનેરું તથા ભવ્યત્વ હોય છે; એથી એ ગુણો પ્રગટ થાય છે.

**(૨) પ્રભુની અંતિમ પૂર્વના ત્રીજા ભવની ત્રણ સાધનાઃ જેવી કે –**

(A) જ્વલંત સમ્યગ્દર્શન, (B) સર્વજીવ કરુણા અને (C) અરિહંતાદિ ૨૦ સ્થાનકની જ્વલંત સાધના. એટલી બધી ઉચ્ચ કોટિની હોય છે કે એથી આત્માના કંઈ કચરા સાફ થઈ જવાથી આવા અતિ દુર્લભ અને અનુપમ અપાર ગુણો પ્રગટે એમાં નવાઈ નથી. ઈતર દર્શનોમાં પરમાત્મા બનવાની આ કોઈ પ્રક્રિયા જ નથી. એમને તો અનાદિસિદ્ધ પરમાત્મા માનવા છે, પરંતુ

**અનાદિ પરમાત્મા માનવા એ યુક્તિહીન માન્યતા છે.** એવા પરમાત્મા હોય એ કોઈ યુક્તિથી સિદ્ધ નથી. વળી એવા પરમાત્મા જગતને કશા ઉપયોગના પણ નહિ; કેમ કે અનાદિસિદ્ધ અને અરૂપી નિરંજન નિરાકાર આત્માને શરીરાદિ નહિ, પછી ભગવાન ધર્મ-ઉપદેશ પણ શી રીતે દે ? અને ધર્મસંઘ પણ શી રીતે સ્થાપે ? અને સંઘને ઉચિત કર્તવ્યો અને હિતમાર્ગ પણ શી રીતે બતાવે ? જ્યાં અનાદિસિદ્ધને બોલવાનું જ નહિ, ત્યાં અજ્ઞાન જગતને જ્ઞાન-પ્રકાશ કોણ આપે ? તેમ એવા પરમાત્માને જગત ઓળખે પણ શી રીતે ?

**પ્રશ્નઃ** મહર્ષિઓ ઉપદેશ આપે ને ? એ અનાદિસિદ્ધ પરમાત્માની ઓળખ કરાવે ને ?

**ઉત્તર :** પણ મૂળ વાત તો એ છે કે મહર્ષિઓ પણ શી રીતે મહર્ષિ બની શક્યા ? મહર્ષિ બનવાનો માર્ગ ક્યાંથી શીખ્યા ? જો કહો કે પૂર્વમહર્ષિ પાસેથી શીખ્યા ? તો શું મહર્ષિની પરંપરા અનાદિથી ચાલી આવે છે ? એમ હોય તો પછી અનાદિ શુદ્ધ પરમાત્મા માનવાની જરૂર જ શી રહે ? તેથી ખરી વસ્તુ એ છે કે મહર્ષિઓમાંથી કોઈક વિશિષ્ટ સાધનાના બળે વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મા થાય છે, અને એ ધર્મશાસન સ્થાપે છે. હિતનો ઉપદેશ આપે છે. યોગ્ય જીવોને દ્વિવિધ ધર્મ ગૃહસ્થધર્મ-સાધુધર્મ આપે છે. એમ અરિહંત પરમાત્મા બનનારમાં

અપાર ગુણસમૂહ હોય છે. એ ગુણો મન પર ઓવારી જાય એવું હોય છે; કેમ કે આપણી નાની બાબતમાં ય રાગ-દ્વેષ, હરખ-શોક વગેરે ખરાબીઓ ? ક્યાં ન પરમાત્મામાં ભારે અનુકૂળતા છતાં રાગ નહિ ! ભયંકર દુશ્મન પર દ્વેષ નહિ ! એવી વીતરાગ અવસ્થા ક્યાં ? આ જોઈને અરિહંતના ગુણ પર હૈયું ઓવારી જાય ! તેમ એમનાં ગુણો પર અથાગ પ્રેમ પ્રીતિ થાય એ સહજ છે.

કવિ કહે છે : 'ભગવાનના ગુણો પર લાગેલી પ્રીતિ વધતી ચાલે છે.' કેમ ?

પ્રભુભક્તને સંસારની વિટંબણા અધિકને અધિક ખટકતી જાય છે; તેથી પ્રભુ પર પ્રીત વધતી જાય એ સહજ છે.

એ શેની જેમ ? તો કે,

**"તેલબિંદુ જિમ વિસ્તરેજી, જળમાંહી ભલી રીતિ....."**

પાણી પર તેલનું ટીપું પડે, તો એ નાનું પણ ટીપું જળની સપાટી પર ફેલાઈ જાય છે. એમ પ્રભુના ગુણો પર મારી પ્રીતિ ફેલાઈ જાય છે, પ્રસરી જાય છે. વળી પાણીમાં બીજું પાણી પડીને અથવા એ જ પાણી પહોળી સપાટીના વાસણમાં નંખાઈ જાય તો પાણીની સપાટી મોટી થાય તો તેલબિંદુનો પ્રસાર વધે છે. તેલનો સ્વભાવ છે કે એનો સ્થૂળ અણુ અણુમાં વિભાજિત થઈ, જલના અણુ અણુ પર પ્રસરી જાય છે. એમ પ્રભુના ગુણો પર લાગેલી પ્રીતિનો સ્વભાવ એવો છે કે જેમ જેમ પ્રભુના અધિકાધિક ગુણ મન પર આવતા જાય તેમ તેમ એના પર મનની પ્રીતિ વધુને વધુ પ્રસરતી જાય. ત્યારે પૂછો – **પ્રશ્ન** : પ્રભુના ગુણો કયા કયા ?

**ઉત્તર :** પ્રભુના ગુણો અનંતા છે, શે ગણાવાય ? પરંતુ સંક્ષેપમાં પ્રભુના ગુણો કયા ? વીતરાગતા, નિર્વિકારતા, ઉદાસીનતા, ઉપશમ, સહિષ્ણુતા, નિર્વિ-કલ્પતા, વાત્સલ્ય, કરુણા... વગેરે વગેરે. આપણે **ચરમાવર્તમાં આવ્યા પછી, અને એમાંય ભવાભિનંદિતાના પાયાનો દોષ ટાળ્યા પછી સહેજે ગુણ પર પ્રીતિ થાય.** એમાં વળી વીતરાગ પ્રભુના ગુણ જોવા મળ્યા, એટલે તો એના પર આપણા હૃદયની પ્રીતિ ઊછળી પડે, અને એમાં એવી ભળી જાય કે એ પછી બીજે જવી મુશ્કેલ બને. અર્થાત્ વીતરાગના ગુણો જોવા ગમે, અને એના પર હૈયું જેવું ઓવારી જાય, એવું દુન્યવી કશું ન ગમે, દુન્યવી કશા પર હૈયું ન ઓવારી જાય.

**પ્રશ્ન** : આમ પ્રભુના ગુણો પર પ્રીતિ વધવાનું મુખ્ય કારણ શું ?

**ઉત્તર :** કવિ કહે છે – **"સૌભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ."**

ગુણો પર પ્રીત થવાનું કારણ એ, કે એ ગુણો કોના ? જિનેશ્વર ભગવાનના; અને મૂળ પાયામાં એ ભગવાન જ એવા સૌભાગી છે, એવા સૌભાગ્યવંતા છે કે મને એમના પર અવિહડ રંગ લાગ્યો છે. જે વ્યક્તિ પર 'અવિહડ' યાને 'અવિઘટ'

એટલે કે 'વિઘટન'-વિનાશ ન પામે એવો રંગ લાગ્યો હોય, એના ગુણ બહુ ગમે.

**ગૌતમ મહારાજને પ્રભુ પર અવિહડ રંગ :**

ઈંદ્રભૂતિ ગૌતમને મહાવીર પ્રભુથી પોતાનો સંશય ભેદાઈ જવા માત્રથી મહાવીર પ્રભુ ગમી ગયા. પ્રભુશું અવિહડ રંગ લાગી ગયો ! તે એવો કે હવે ઘરે પાછા જ જવું નથી ! તો પછી પ્રભુના ગુણોમાં એમની પ્રીત કેવીક ભળી ગઈ ?

પ્રભુના ગુણો સિંહાવલોકન દૃષ્ટિથી જોઈએ તો - દા.ત. પ્રભુમાં સહિષ્ણુતાનો મોટો ગુણ દેખાય, જેણે ઉત્થાન અને પ્રગતિ કરવી હોય એને આ અતિ જરૂરી ગુણ છે. આપણે કાંઈક પણ સહન કરવાની વાત આવે ત્યાં મન કચવાટ અનુભવે છે, ઝટ ભાગવાનું કે સામનો કરવાનું મન થાય છે. ત્યારે પ્રભુએ એક હિસાબ રાખ્યો છે.

પ્રભુનો એક હિસાબ- કે 'જે આવે તે આનંદથી સહી લેવું, મનથી વધાવી લેવું.'

મહાવીર ભગવાન જનમથી મહાજ્ઞાની છે, છતાં માતાપિતા એમને મોહથી મહેતા પાસે ભણાવવા માટે નિશાળે મૂકવા ચાલ્યા ! સરસ્વતીને ભણવા બેસાડવી એના જેવું આ તદ્દન અજુગતું વર્ધમાન કુમારને પંતુજી પંડિત પાસે નિશાળે ભણવા બેસાડવાનું કાર્ય છે; પણ વર્ધમાનકુમાર કશો ઈનકાર કરતા નથી કે એક અક્ષર પણ બોલતા નથી કે "મહેતો કેટલું ભણ્યો છે ? મને શું ભણાવશે ?"... ના, એ તો

'જે આવ્યું તે શાંતિથી સહી લેવાનું, વધાવી લેવાનું.'

આ જ હિસાબ રાખ્યો છે, તો પૂછો –

**પ્રશ્ન :** આમલકી ક્રીડામાં પરીક્ષા કરવા આવેલ દેવતાએ પ્રભુને ખભે લઈ તાડ જેટલું ઊંચુ રૂપ કરીને ડોળાં કાઢી પ્રભુને બીવડાવવાનું કર્યું, ત્યારે કેમ પ્રભુએ એ સહી ન લીધું ? કેમ વધાવી ન લેતાં દેવને મુઠ્ઠી મારીને નીચે બેસાડ્યો ?

**ઉત્તર :** આનાં બે કારણ – (૧) એક તો સાથે રમવા આવેલા નાના છોકરાં ગભરાઈ ગયા હોય, એમને શાંતિ અને હિંમત આપવા માટે પ્રભુએ દેવતાને બોધપાઠ ભણાવ્યો. (૨) બીજું કારણ આ, ઈંદ્રસભામાં ઈંદ્રે કરેલી પ્રભુ-પ્રશંસા પર મિથ્યાત્વી દેવતા પ્રભુને એક સામાન્ય મનુષ્ય બાળક સમજી અહીં પ્રભુને ડરાવવા આવ્યો છે, તો એને સમજાવી દેવું હતું કે "અનંત બળી અરિહંતજી, આ કોઈ સામાન્ય બાળક નહિ આ તો અસાધારણ બાળક છે." માટે એને પ્રભુએ મુઠ્ઠી મારી, તે મુઠ્ઠીપ્રહાર દેવને પણ અસહ્ય હતો, તેથી હવે દેવતાને ભાન થતાં એ પ્રભુને નમી પડ્યો અને ભગવાનની ક્ષમા માગી.

**મહાવીર ભગવાનનો એક ગુણ 'સંસારી લાલચો ફગાવી દેવાનો' :**

ભગવાને ચારિત્ર લીધું ને કઠોર સાધનામાં લાગ્યા. ત્યાં પૂર્વના સંસારસુખ-સગવડ, માન-સન્માન, ખાનપાનાદિ લેશમાત્ર પણ એ યાદ નથી કરતા કે 'હું તો

આવા સુખ-સન્માનવાળો રાજકુમાર હતો ને મારે આ સહવાનું ?' ના, કેમ કે સાંસારિક લાલચો કશી રાખી નથી. **ભગવાનનો વૈરાગ્ય કેવો ?** તો કે ભગવાન જન્મથી મહાવૈરાગી છે. ભગવાન ઘરે હતા ત્યારે એમને સારું સારું ખાવાપીવા-પહેરવા-ઓઢવા માટે મનાવવા પડે. એટલે તો મહાવીર મોટા થયા ત્યારે પિતા સિદ્ધાર્થરાજાને વિચાર આવે છે કે આવા વૈરાગીને વિવાહ કરવાનું કહેવું કેવી રીતે ? પ્રભુને ભોગાવલિ બાકી છે એ પોતે જાણે છે છતાં પ્રભુને પરણવાની લાલચ નથી.

**પ્રભુનો એક મહાન ગુણ નિરભિમાનતાનો :**

જન્મતાં ઈન્દ્ર-ઈન્દ્રાણીઓ ભગવાનનો મેરુ પર જન્માભિષેક ઊજવે છે છતાં પ્રભુને લેશ માત્ર અભિમાન નથી કે 'મારું કેવું સન્માન થઈ રહ્યું છે ?' જન્મતાં મેરુને ડોલાવનારા મહાવીર ભગવાન તેમના કાનમાં ખીલા ઠોકવા ઈચ્છતા ગોવાળિયાને અનુકૂળ થઈને રહ્યા ! જેથી પેલો સહેલાઈથી પ્રભુના કાનમાં ખીલા ઠોકી શકે ! કેવી પ્રભુની વત્સલતા ! સહિષ્ણુતા ! ધીરતા ને વીરતા ! કેવી ક્ષમા ! ને નિર્વિકારતા ! 'ગુણશું મિલીજી વાધે મુજ મન પ્રીત' એટલે કે પ્રભુના આ આવા ગુણો આપણને ગમ્યા. એટલે આપણને પણ ભગવાનની સહિષ્ણુતા-નિસ્પૃહતા-નિરાભિમાનતા-નિર્વિકારતા-ક્ષમા-સમતા વગેરે ગુણો પર અહોભાવ થાય, એ ગુણબીજાધાન છે, ગુણોના બીજનું વાવેતર છે. **'બીજં સત્પ્રશંસાદિ'** એમ શાસ્ત્ર કહે છે – પણ ગુણ-પ્રશંસા ત્યારે જ થાય કે જો ગુણ ગમે, ગુણ પર પ્રીતિ થાય તેમ પ્રભુ ગુણ પરની પ્રીતિ વિસ્તારી તેના પર **અહોભાવ** થયો એટલે દોષ ને દોષપ્રેરક વિષયો પરથી મન ઊભગે, 'છટ્ ! દોષો કેવા નઠારા !' એમ મનને થાય.

**અભિમાન રોકવા ૪ વિચારણા :**

**પ્રશ્ન :** ભગવાનને એવી ઈન્દ્રો-ઈન્દ્રાણીઓથી મેરુ પર્વત પર અભિષેક કરવાની મહાસન્માનની અવસ્થામાં અભિમાન કેમ નહીં ?

**ઉત્તર :** કારણ એ છે કે પ્રભુને ખ્યાલ છે કે –

(૧) 'હું અનંત કર્મોનો ગુલામ છું' આ વિચારથી લાગે કે 'ગુલામને શું અભિમાન શોભે' ?

(૨) મેં પૂર્વ ભવેથી ભવયાત્રા પડતી મૂકી મોક્ષયાત્રા આરંભી છે, એટલે હું સર્વથા કષાય-ક્ષયનું જીવન જીવવા નીકળ્યો છું. તેમાં વચ્ચે આવી પડતાં આ માન-સન્માનમાં અભિમાન કષાય કેમ કરાય ?

(૩) 'મારી પહેલા અનંતા અરિહંતના આ રીતે મેરુ પર્વત પર મહોત્સવ થયા તે બધાએ અભિમાન નથી કર્યા, તો મારે અભિમાન શા કરવાના ?' આ વિચારે ભગવાનને અભિમાન નહીં, તેમ

(૪) ભગવાન 'આ સન્માનમાં પોતાના આત્માનું શું વળ્યું ?' આ વિચારથી પણ અભિમાન નથી કરતા.

**ભગવાનની બાળપણમાં ય અનાસક્તિ :**

આ બધાં ભગવાનના અદ્‌ભુત ગુણો છે. તેમ ભગવાન બાળપણમાં પોતાના અંગુઠામાંથી અમી પીએ છે, પણ ત્યાં માતાનું સ્તનપાન નથી કરતા; એમને માતાને બાઝી પડવાના કોડ નથી ! બાળ ભગવાન રમવા જતા, તે પણ પોતાના રસથી નહિ કિન્તુ બીજા નાના બાળકોનાં આગ્રહને વશ એમનું મન રાખવા માટે જ જતા. તેમ ભગવાનને વળી મોટા થયે રાજપાટ-પત્ની-પરિવાર-ખજાના વગેરે કશા પર આસક્તિ- આકર્ષણ નથી હોતું. લગ્નમાં કે રાજ્ય ચલાવવામાં એ અનાસક્ત જ રહે છે. ભગવાન જીવંત છે, નીરોગી છે, છતાં દિલમાં આની કશી ઊર્મી જ ઉઠવા દેતા નથી.

તેમ સાધુપણામાં ભગવાનને આવીને હાલી-મવાલી જેવા દુષ્ટો સતાવી જાય છે, છતાં અતુલબળી ભગવાન રોષ કરતા નથી, છંછેડાતા નથી. ભગવાને બળનો ઉપયોગ શત્રુનો સામનો નહિ પણ સહન કરવામાં કર્યો ! એ અનંતબળી ભગવાનની **સહિષ્ણુતા સહન કરવાની વૃત્તિ કેવી ! કે ચાહીને કર્મક્ષયાર્થે અનાર્ય દેશમાં ગયા !** આ બધા ભગવાનના ગુણોમાં મારી પ્રીતિ તેલની જેમ વિસ્તાર પામે છે !

**ભગવાનનું સૌભાગ્ય કેવું ?**

આમેય દુનિયામાં સામાન્ય સૌભાગ્યવાળાનાય પગલાં સૌને ગમે છે, તો તીર્થંકર ભગવાન તો વિશિષ્ટ સૌભાગ્યવાળા ! તે કેવા ? તો કે ઓછામાં ઓછા એક કરોડ દેવતા તો ચોવીસે કલાક એમની સાથે હોય, તે પણ લોકાચારમાં આવેલાની જેમ સુસ્ત મુખમુદ્રાવાળાને મૂંગા મૂંગા બેઠેલા નહિ, પરંતુ ગીતગાન, વાજિંત્રનાદ, નૃત્ય, રાસડા વગેરે કરતા ત્યાં રહેલા હોય; આ પ્રભુનો વિહાર હોય તો પ્રભુની સાથે ચાલતા હોય. પ્રભુનું વિશિષ્ટ સૌભાગ્ય કેવું તો કે પ્રભુ ચાલે ત્યારે વૃક્ષો નમે ! પંખેરા ગગનમાં પ્રદક્ષિણા ઘૂમરી દેતા ચાલે ! ચારેકોરથી ટોળેટોળા લોકો જોવા દોડ્યા આવે ! એમને પ્રભુ પાસેથી ખસવાનું મન ન થાય. અરે ! ઈંદ્રો ને દેવતાઓ આવ્યા કરે ! દેવીઓ-ઈંદ્રાણીઓ આવે ! તેઓ પ્રભુને હરખભેર ટગરટગર જોતા જ રહે. પ્રથમ જિનેશ્વરના સ્તવનમાં કહ્યું –

**"કલ્પવૃક્ષ પર તાસ ઈંદ્રાણી નયન જે, ભૃંગ પરે લપટાય"**

અર્થાત્ જેમ ભૃંગ-ભમરા કલ્પવૃક્ષ પર લપટાય એમ ઈંદ્રાણીઓનાં નયન પ્રભુ પર લપટાય છે. આવા અવ્વલ સોભાગી-સૌભાગ્યવંતા જિનેશ્વર પ્રભુ સાથે અવિહડ-અવિઘટ રંગ-અવિનાશી રંગ લાગે એમાં શી નવાઈ ?

પાણી પર તેલબિંદુની જેમ આ પ્રભુના ગુણો પર પ્રસરનારી પ્રીત દિલમાં દાબી રાખી શકાય એવી નથી એ વાત કવિ હવે બીજી ગાથામાં કહે છે –

**સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;**

**પરિમલ કસ્તુરી તણોજી, મહીમાંહે મહેંકાય...સોભાગી...૨**

**ભાવાર્થ** : સજ્જન પુરુષ સાથે જે પ્રીત ઊભી થાય તે છૂપી રાખી શકાતી નથી (દા.ત.) કસ્તુરીની સુવાસ (છૂપી ન રહેતાં) પૃથ્વી પર મહેંક મહેંક થાય છે.

**વિવેચન : સજ્જન સાથેની પ્રીતિનું કાર્ય** : કોઈ સજ્જન પુરુષ પ્રત્યે આપણાં દિલમાં જો આવી કોઈ પ્રીત ઊભી થઈ ગઈ હોય, તો એ દિલમાં ગુપ્ત દાબી-દબાઈ ન રહેતાં વ્યવહાર અને વાણીમાં વ્યક્ત થાય છે. દા.ત. એ સજ્જન આપણા ઘરે આવતાં, પહેલાં તો આપણે ઝટ હરખભેર આવકારીએ છીએ કે 'અહો ! અહો ! પધારો પધારો સાહેબ !' પછી આસન-પ્રદાન, કુશલ-પૃચ્છા જલપાનાદિ ભક્તિ.... વગેરે કરી એમનાં ગુણગાન કરીએ છીએ. ઈત્યાદિ ઈત્યાદિ વાણી-વર્તાવનો વ્યવહાર સજ્જન પ્રત્યેની પ્રીત પર ચાલે જ છે, ને બધાં વ્યવહારોથી પ્રીત વ્યક્ત થઈ જ જાય છે; પરંતુ આવા કશા વ્યવહાર વિના સજ્જન સાથેની પ્રીતિને દિલમાં ગુપ્તપણે દાબી શકાતી નથી. અંતરમાં જો ખરેખર પ્રીત છે તો તે વાણી-વર્તાવમાં ઊતર્યા વિના રહે જ નહિ. દા.ત. કસ્તુરીની સુવાસ એવી હોય છે કે એ છૂપી રાખી શકાતી નથી; એ તો પૃથ્વી પર પ્રસરે જ છે. એમ સજ્જન પરની પ્રીત દિલમાં છૂપી ન રહેતાં વાણી-વર્તાવના વ્યવહારમાં ઊતરે જ છે. કવિ કહે છે, બસ એજ રીતે મારા દિલમાં જાગેલી પ્રભુ પર ને પ્રભુનાં ગુણો પરની પ્રીતિ એમ જ અંદરમાં છાની છૂપી ગુપ્ત રહી શકતી નથી, બલકે એ પ્રીત પ્રભુનાં દર્શન-પૂજન-સ્તુતિ વગેરે વગેરેમાં પ્રગટ થઈ જ જાય છે.

વાત સાચી છે. બીજા દેવોને છોડીને વીતરાગ પ્રભુનાં દર્શન-પૂજનાદિ થાય તે એ પ્રભુ પ્રત્યે પ્રેમથી આકર્ષાયા વિના થોડા જ થાય છે ? પ્રેમથી આકર્ષાઈને જ દર્શન-પૂજનાદિ થાય છે. એટલે એ દર્શન-પૂજનાદિમાં પ્રેમ વ્યક્ત થાય છે. આમ પ્રેમ ગુપ્ત રહી શકતો નથી. એ સજ્જનનાં સન્માન કરાવે છે. પરંતુ હા, એક વિશેષતા છે, કે સજ્જન સાથેની પ્રીતિમાં સજ્જનના માત્ર સન્માન જ કરવાનાં હોય એવું નથી. કિન્તુ સજ્જનના ગુણોનું અનુકરણ પણ કરવાનું હોય છે; જેમ કે, સજ્જન જો સારો દાતાર છે, તો એના દાનનું અનુકરણ થાય, યથાશક્તિ દાન દેવાય. જો તપસ્વી છે તો એના તપનું અનુકરણ થાય. ત્યારે પ્રભુ તો શ્રેષ્ઠ સજ્જન છે, તો પ્રભુ સાથેની પ્રીતમાં પ્રભુનાં પૂજન-બહુમાન-ગુણગાન ઉપરાંત પ્રભુના ગુણોનું અલ્પાંશે પણ અનુકરણ થાય. 'મારા ભગવાને મહાત્યાગ કર્યા હતા, તો

હું પણ મારાં જીવનમાં થોડો થોડો તો ત્યાગ અપનાવું !' એમ ભગવાનની તપસાધના-સંયમસાધના વગેરેને લઈને સ્વજીવનમાં એ અલ્પાંશે ઉતારાય અને એ માટે 'ભગવાન્ ! તારા સેવકપણાનું નામ ધરવા ખાતર આટલું તો મારે કરવું જ જોઈએ ને એમ જીવનમાં ત્યાગ તપ વગેરે આચરતા રહેવાય, એમાં અંતરમાં રહેલો પ્રભુપ્રેમ વ્યક્ત થાય છે.

એમ, જેવી રીતે પત્નીને જો પતિ પર હૈયામાં પ્રેમ છે, તો એ એ જ વિચારે છે, કે 'અમુક બાબત હું કરું એ એમને ગમતું નથી, તો તો મારે એ નહિ જ કરવી જોઈએ' અને એમ એ ન કરે, એમાં પતિ પ્રત્યે પ્રેમ વ્યક્ત થાય છે.

**પ્રભુના પ્રેમ ખાતર :**

એવી રીતે જો આપણા હૈયામાં પ્રભુ પર પ્રેમ છે તો મનને એમ થાય કે, 'મારા પ્રભુને હું હિંસા-જૂઠ-ચોરી આદિ કરું એ નથી ગમતું'. અને હૈયામાં એવું થવાથી પ્રભુની ખાતર એ પાપોનો અપકૃત્યોનો જીવનમાંથી ત્યાગ થાય. એ ત્યાગમાં પ્રભુનો પ્રેમ વ્યક્ત થાય છે. આપણે પ્રભુના પ્રેમની ખાતર રોજ પ્રભુની સુંદર પૂજાભક્તિ કરતા હોઈએ એમ સાથે સાથે ૧૨ તિથિ કાંઈ ને કાંઈ તપ કરતા રહીએ, ને અવસરે અવસરે બોલતા હોઈએ કે પ્રભુ પરના પ્રેમથી, પ્રભુ ખાતર આટલું થઈ જાય છે, તો એ જોનાર એમ બોલે છે કે 'ભાઈ ! આમનામાં પ્રભુ પર ભારે રાગ છે, તે પ્રભુની ખાતર આવા તપ જપ કરતા જ રહે છે, એમના ત્યાગ તપ કહી રહ્યા છે કે, એમના હૈયામાં પ્રભુ પ્રત્યે પ્રેમ ઉછળી રહ્યો છે. તાત્પર્ય, સજ્જન સાથેની પ્રીતની જેમ પ્રભુ સાથેની પ્રીતિ અંતરમાં છૂપી રહેતી નથી; પરંતુ એને અનુરૂપ પૂજા-ભક્તિ-સન્માન-ગુણગાન વગેરે કરવા-કરાવવા દ્વારા બહાર પ્રગટ થાય છે. અહીં પ્રશ્ન થાય –

**પ્રશ્નઃ** અંતરમાં પ્રભુ પર પ્રેમ તો અમારે છે, છતાં કેમ અમારાથી બહારમાં એવા ઉત્તમ ભક્તિ આદિ કાર્યો નથી થતા ?

**ઉત્તરઃ** એ થાય, જો એમ વિચારવામાં આવે કે જે આ પ્રભુભક્તિ આદિના શુભ કાર્યોમાં હું શિથિલતા કરું છું, એની પ્રત્યે તદ્દન આંખ મિંચામણા કરું છું, તેનું કારણ ધન, વેપાર, કુટુંબ આદિની અતિશય રાગભરી ભરચક પ્રવૃત્તિ છે. પરંતુ એમાં ભય મોટો છે કે **'એમ ધન-વેપાર-કુટુંબ ને ખાનપાનાદિને બહુ ગમતા કરવામાં રખેને પ્રભુ મારે અણગમતા થઈ જાય તો ?'** જો આ વિચાર વારેવારે મનમાં આવ્યા કરે તો પ્રભુ અણગમતા થઈ જવાના ભયથી, એ ધન-વેપાર-ખાનપાનાદિ બહુ ગમતા ન કરાય; અને એ બહુ ગમતા ન રહે એ માટે એની બહુ પ્રવૃત્તિ પર કાપ મૂકાય, પ્રવૃત્તિ ઓછી કરાય, ને એથી બચતા સમયમાં એના

સ્થાને ધર્મપ્રવૃત્તિ-શુભપ્રવૃત્તિ વધારાય.

**પુદ્‌ગલની બહુ પ્રવૃત્તિ પુદ્‌ગલના પ્રેમને પોષે છે :**

બીજી વાત એ છે કે આપણે પ્રભુને બહુ ગમતા કરવા છે, અર્થાત્ મનને એમ ઠસાવવું છે કે 'મને પ્રભુ બહુ ગમે' તો સાથે આ અવશ્ય ધ્યાનમાં રહે કે **પ્રભુ પરની પ્રીત જીવનની બધી વાતમાં ઉતારવી જોઈએ.** દા.ત. "મારા પ્રભુને હું અપ્રિય બોલું, અસત્ય બોલું, બીજાના હૃદયને આઘાત લગાડે એવું બોલું, એ મંજૂર નથી; તો પ્રભુ પરના પ્રેમની ખાતર પ્રભુને અમંજૂર એવું મારે નહિ બોલવાનું - નહિ કરવાનું."

આમ જો વારે વારે અસત્ બોલ, ચાલ અને વિચાર પર પ્રભુની ખાતર અંકુશ રાખીએ, તો પ્રભુ પરની પ્રીત વિકસે છે, ને એ વિકસેલી પ્રીત બીજા નવા અસત્ ત્યાગની અને નવા સત્ વિચાર-વાણી-વર્તાવની પ્રવૃત્તિને પ્રેરે છે.

સારાંશ, જો પરમ સજ્જન પરમાત્મા પર અંતરમાં સાચી પ્રીત ખરેખર જાગી હોય, તો એ શુભ પ્રવૃત્તિ કરાવે જ; ને એ પ્રવૃત્તિમાં ભગવત્ પ્રીતિ છતી થાય છે. કસ્તૂરીની મહેંક ઢાંકી રહેતી નથી, એને પેકેટમાં મૂકી હોય તો ય પેકેટની બહાર એની સુવાસ આવે છે; એમ પ્રભુ પરની પ્રીત પ્રવૃત્તિમાં ઉતરે છે. અહીં પ્રભુ પ્રત્યેનો પ્રેમ કેવો છે ? તો કહ્યું, કસ્તૂરીની સુવાસ જેવો છાનો-છૂપો રહે જ નહિ એવો.

હવે કેટલો પ્રેમ છે એ કહે છે –

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૧૩,તા.૧૩-૧૨-૧૯૮૬

**આંગળિયે નવી મેરું ઢંકાયે, છાબડિયે રવિ તેજ;**
**અંજલિમાં જિમ ગંગ ન માયે, તિમ મુજ મન પ્રભુ હેજ; સોભાગી...૩**

**ભાવાર્થ :** મેરુની આડે કે મેરુની ઉપર આંગળી ધરી દેવાથી કાંઈ મેરુ ઢંકાઈ જતો નથી, તેમજ રવિની આડે છાબડી ધરી દેવાથી રવિનું તેજ ઢંકાઈ જતું નથી; એમ હાથની અંજલિમાં કાંઈ ગંગા સમાઈ શકતી નથી, તેમ મારા મનમાં પ્રભુ પ્રત્યેનો પ્રેમ સમાતો નથી.

**વિવેચન :** પૂર્વે સ્તવનમાં છેલ્લે 'કહિયે મ દેજો છેહ' કહીને પ્રભુને વિનતિ કરી છે કે 'પ્રભુ ! મને છેહ દેતા નહિ,' અર્થાત્ 'મારા મનમાંથી ખસી જતા નહિ, દર્શનનું સુખ આપ્યા જ કરજો. આ દાવાપૂર્વક વિનવું છું, કેમ કે મારા

મનમાં પ્રભુ ! તમારા પર અપરંપાર પ્રેમ છે.'

પ્રભુ પર પ્રેમ કેટલો ? તો કે જેમ આંગળીની સામે મેરુનું ક્ષેત્રફળ એટલું બધું મોટું છે કે આંગળી કાંઈ મેરુને ઢાંકી શકે નહિ, એમ મારા આત્મામાં પ્રભુ પ્રત્યે પ્રેમ એટલો બધો વિશાળ છે કે એ મારા મનમાં સમાઈ શકતો નથી, એટલે જ એ પ્રભુના ગુણગણની સ્તવનારૂપે યા બીજી રીતે બહાર નીકળી પડે છે. દા.ત. પ્રભુની કોઈ ભવ્ય અંગરચના કરવામાં પ્રભુપ્રેમ એમાં ગૂંથાઈ પડે છે. વ્યવહારમાં દેખાય છે કે નિકટના અંગત સ્નેહી માટે કોઈ કાર્ય કરવાનું હોય તો એમાં તન-મન-ઈન્દ્રિય પ્રેમથી એકાકાર થઈ જાય છે. કવિ કહે છે : 'આ જ રીતે મારો પ્રભુ પ્રત્યેનો પ્રેમ અંતરમાં સમાતો નથી. તેથી પ્રભુના એકેક ગુણ યા સુકૃત લઈ લઈને અખંડ વિચારધારામાં પ્રગટ થાય છે; અર્થાત્ ખૂબ જ પ્રેમભરી ગુણ-વિચારધારા ચાલવા માંડે છે.

**કવિ ગુણો કેમ ગાય છે** ?

અહીં આંગળી અને મેરુ, છાબડી અને રવિતેજ, અંજલિ અને ગંગાનાં દૃષ્ટાન્ત મૂક્યા, એ સૂચવે છે કે જેમ મેરુ રવિતેજ અને ગંગાને સમાવવા માટે આંગળી છાબડી અને અંજલિ તો કશી વિસાતમાં જ નથી તેમ અહીં પ્રભુપ્રેમ સમાવવા માટે મન, વાણી વગેરે કશી વિસાતમાં નથી. પ્રેમ એટલો બધો વિશાળ છે કે પ્રભુપ્રેમથી મનની વિચારસરણી ગમે તેટલી લંબાવાય, તોય એમાં પ્રેમ પૂરો વ્યક્ત થતો જ નથી. પ્રેમ આગળ આગળ વિચારણા કરાવતો જ રહે છે. એમ પ્રભુનાં ગુણગાન ગમે તેટલા કરાય પણ પ્રેમ સંતોષાતો નથી. પ્રભુના કેવા કેવા ગુણો શોધીએ ? દા.ત.

કવિ પ્રભુને આ એટલા માટે કહી રહ્યા છે કે પ્રભુ પાસેથી કરુણા માગવાનો પોતાનો દાવો યથાર્થ થાય. પોતે જ્યારે પોતાના દિલમાં પ્રભુ પ્રત્યે આટલો બધો પ્રેમ-પ્રીત ઉભરાવે છે, તો પ્રભુને હકપૂર્વક કહી શકે કે **'મારા પર કરુણા કરો'.**

**પ્રભુમાં ગુણો કેવા કેવા** ?

કવિ પ્રભુના ગુણો ગાતાં ગાતાં થાકતા નથી. પ્રભુના ગુણો કેવા કેવા ? દા.ત. **મહાવીર પ્રભુ** માતાના ઉદરમાં હતા ત્યારે એમને મનોરથ થયો કે 'હું ઉદરમાં હાલં ચાલં થાઉં છું તો માતાને કેટલો ત્રાસ થાય ? એના કરતાં સ્થિર થઈ જાઉં તો એમને મારા તરફથી કોઈ તકલીફ નહીં' એમ કરીને ભગવાન સ્થિર થઈ ગયા ! અહીં વિચારવા જેવું છે કે આપણે તો સ્થૂળ શરીરવાળા છીએ, એમાં માત્ર ૪૦ લોગસ્સના કાઉસ્સગ્ગમાં સ્થિર થઈ જવું હોય, તો જાણે 'બાપ રે બાપ ! એમ કેવી રીતે સ્થિર થવાય ?' એમ થાય ! થોડો ટાઈમ પણ મોટા શરીરે પલાંઠી

વાળીને સ્થિર બેસવું મુશ્કેલ ! ત્યારે ભગવાને અતિ નાના શરીરે ભારે કષ્ટ વેઠીને સ્થિર રહેવામાં એક તો પોતાનો મહાન સહિષ્ણુતા-ગુણ અને બીજો માતા પ્રત્યેનો વાત્સલ્ય ગુણ કેવો સુંદર ઊભરાવ્યો !

**'સુમતિ' નામ શા માટે ?**

**સુમતિનાથ ભગવાન** ગર્ભમાં પણ કેમ જાણે એમનું શરીર ગુણોથી જ રચાયેલું ! તે એની સુવાસ બહાર આવ્યા જ કરે. તે આ રીતે, કે એકવારે રાજદરબારમાં બે શોક્ય બાઈઓનો એક બાળક માટે ઝઘડો આવ્યો, કે એક કહે : 'આ બાળક મારું છે', બીજી કહે 'મારું છે.' મહારાજ વિચારમાં પડ્યા કે 'આમાં સાચું શી રીતે શોધી કાઢવાનું ?' પરંતુ મહારાણી, તે ભગવાનના માતા સિંહાસન પર બેઠા કહે છે કે 'સિપાઈ, આ બાળકનાં બે સરખા ટુકડા કરી એકેકને એકેક ટુકડો આપી દો.'

ત્યાં બનાવટી માતા કહે છે કે 'ભલે'.

પણ સાચી માતા કહે છે કે 'ના રે ના, મહારાજ ! ટુકડા કરાવશો નહિ. દીકરો આખો ને આખો ભલે એને આપી દો, મારો દીકરો ભલે મને ન મળે. છતાં એ જીવતો રહેશે તોય બસ છે.' પ્રભુની માતાએ તરત ફેંસલો આપી દીધો કે, 'દીકરો, આ દીકરા પ્રત્યે સાચી લાગણીવાળી આ માતાનો જ છે, માટે એને સોંપી દો.'

તાત્પર્ય, પ્રભુ આવા ગુણિયલ હતા કે એમના સાંનિધ્યથી માતામાં સુમતિનો ગુણ આવ્યો. એટલે પ્રભુનું સુમતિનાથ નામ રાખવામાં આવ્યું. પ્રભુ ગુણિયલ કેવા ! ૫૬ દિગ્ કુમારી અને ૬૪ ઈન્દ્રો દ્વારા થતા જન્માભિષેક વખતે ભગવાન હરખપદુડા થયા નહિ, ફૂલાયા નહિ, તેમ અભિમાન પણ કર્યું નહિ કે 'મારાં કેવાંક અલૌકિક સન્માન થાય છે !'

**ભગવાને અભિમાન ન કરવાનું કારણ–**

(૧) અવધિજ્ઞાની ભગવાન જીવની 'કર્મ નચાવત તિમહી નાચત' દશા જુએ છે કે 'આજે માન પામનાર હું, એકવાર પરમાધામીને વશ છેદન-ભેદન પામેલો ! કર્મોની વિટંબણા આગળ આ માન-સન્માન શી વિસાતમાં છે ? કશી જ વિસાતમાં નહિ. તો પછી આનંદ શા ?

(૨) 'અભિમાન નહિ' નું બીજું કારણ આ, કે પ્રભુ જુએ છે કે અત્યારે જે વખતે મારાં સન્માન થાય છે એ જ વખતે અત્યારે નરકોમાં મારા ભેરુ જીવો બિચારા રેંસાઈ રહ્યા પ્રત્યક્ષ દેખાતા હોય, ત્યાં મારે આનંદમંગળ શા ? ઘરે દીકરીના લગ્નમાં કરોડપતિની જાન આવી હોય ને ત્યાં જ અચાનક ભાઈના છોકરાનું અકસ્માતથી મૃત્યુ થયું, તો એના દુઃખમાં લગ્નના હરખ ડુલ થઈ જાય છે ને ?

એમ પ્રભુને ઈન્દ્રોના માન-સન્માનમાં નારકીના જીવોના દુઃખ જોતાં, આનંદમંગળ નથી, પ્રભુના એવા એવા અનેક ગુણો પર સહેજે અમાપ હેત રહે છે.

**'અંજલિમાં જિમ ગંગ ન માયે, તિમ મુજ મન પ્રભુ હેજ.'**

જેમ મોટી ગંગા નદી અંજલિમાં ન સમાય, તેમ મારો પ્રભુ પરનો પ્રેમ નાના મનમાં, ને નાના સ્તવન-કાવ્યમાં સમાતો નથી.

અહીં સવાલ થાય કે જ્યારે અપાર પ્રભુપ્રેમ મનમાં સમાતો નથી, અર્થાત્ મનથી પણ જો એને પૂરો વિચાર શકાતો નથી, તો પછી વાણીથી એને અવગાહવાનું તો શી રીતે થવાનું હતું ? એટલે જ સ્તવન-રચના શા માટે ? એના જવાબમાં હવે કવિ કહે છે—

**હુઓ છીપે નહીં અધર અરુણ જિમ, ખાતાં પાન સુરંગ;**
**પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ. સૌભાગી...૪**

**ભાવાર્થ :** (જેમ) રંગીલું પાન ખાતાં હોઠ લાલ થયેલો છૂપો રહેતો નથી, તેમ મારા મનમાં જાગેલા પ્રભુપ્રેમની સ્થિતિ છે. જેમ જેમ પ્રભુ- ગુણરસના પ્યાલા ભરી ભરીને પીવામાં આવે છે, તેમ તેમ મારા અરિહંત પરનો પ્રેમ અભંગ-અતૂટ બને છે.

**વિવેચન :** પ્રભુગુણ પરનો પ્રેમ કેવો ? કોઈ પૂછે,

**પ્રશ્નઃ** તમે કેમ નવા નવા સ્તવનો રચ્યા કરો છો ? શું તમને કાવ્ય બનાવવાનો શોખ લાગી ગયો છે ?

**ઉત્તર :** ના ભાઈ ! ના, આ તો અમારા ચિત્તમાં ઉઠેલો અરિહંત પરનો પ્રેમ છૂપો રાખી શકાતો નથી, તે એ જ આપમેળે પ્રભુ ગુણગાનરૂપે બહાર પડે છે. માણસ પાન ખાય અને ખાતાં ખાતાં હોઠ પર લાલિમા આવી જાય છે, તે છૂપાવવા મથે તો શું એ લાલાશ છૂપી રહી શકે ? ના, એ તો લાલિમા હોઠ પર પ્રગટ થઈ જ જાય છે. બસ, એ જ રીતે અરિહંત પ્રભુ પર આપણને એવી પ્રીતિ જાગી ગઈ હોય, તો તે નવનવા ગુણગાનમાં વ્યક્ત થયા જ કરે છે. કોઈ સરબત જેવા મીઠા રસની મહેફિલ જામી હોય, તો ત્યાં પ્યાલા ભરી ભરી રસપાન કરાય છે, એમ અહીં 'પીવત ભર ભર પ્રભુગુણ પ્યાલા, પ્રભુગુણના રસના પ્યાલા રસ ભરી ભરીને પીવાનું થાય છે.'

કવિ શ્રી યશોવિજયજી મહારાજ કહે છે : આમ પ્રભુગુણ રસના પ્યાલા ભરી ભરીને પીવાનું પરિણામ એ આવ્યું કે જેમ જેમ રસ પીતો ગયો, તેમ તેમ પ્રભુ પર મારો પ્રેમ અભગ્ન અતૂટ થતો ગયો છે.

**જિનગુણના પ્યાલા ભરી ભરીને પીવા એટલે શું ?** એ જ કે જિનગુણના સ્તવન-સ્તોત્ર બનાવી બનાવીને ગાવાના. એમ સીધા આડકતરા જિનગુણ અર્થાત્ જિનોક્ત તત્ત્વોનાં શાસ્ત્ર બનાવી બનાવી, એની વાંચના, અનુપ્રેક્ષા... વગેરે કરવું. એ કરવાની મજા કેવી થાય ? તો કે સ્તોત્ર કે શાસ્ત્ર રચતા પહેલાં પ્રભુ પર જે પ્રેમ હોય, એ એની રચના પછી વધી જાય છે ! યા કહો, મજબૂત થાય છે, અતૂટ થાય છે. એટલે કહ્યું : "પીવત ભર ભર પ્રભુગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ."

**વીતરાગ પર પ્રેમ અભંગ કેમ ?**

ઉપાધ્યાયજી મહારાજનો આ વીતરાગ પરનો પ્રેમ અભંગ થયાનો એમની અનેકાનેક શાસ્ત્રરચનાઓમાં દેખાઈ આવે છે. એઓશ્રીએ પોતે જ પોતાના રચેલા દ્રવ્ય-ગુણ-પર્યાય રાસમાં ઉલ્લેખ કર્યો છે કે "દો લાખ બૌદ્ધન્યાય લિખી" અર્થાત્ બે લાખ શ્લોક પ્રમાણ બૌદ્ધમતનાં ખંડનનો ન્યાય લખ્યો. આ હિસાબે વિચારો કે બીજા તો કેટલાય અપરંપાર શાસ્ત્રો, જૈન તત્ત્વ સિદ્ધાન્તો અને યોગ, ધ્યાન, અધ્યાત્મ, તથા કર્મસિદ્ધાન્ત વગેરે વગેરેનાં રચી ગયા છે ! એમાં સ્પષ્ટ દેખાય છે કે પ્રભુગુણરસના પ્યાલે પ્યાલા પીતાં પીતાં પ્રભુપ્રીતિ, અને પ્રભુગુણ પ્રીતિ, અભગ્ન-અતૂટ અવિનાશી થઈ જાય એમાં નવાઈ નથી. વિચારવા જેવું છે કે માત્ર બૌદ્ધ ન્યાયનું ખંડન કરવા બે લાખ શ્લોકપ્રમાણ સંસ્કૃત ગ્રંથ લખ્યા, ત્યારે એમની વિદ્વત્તા કેવી ? સંસ્કૃતમાં અનેક વિષયના મહારથી ગ્રંથો લખ્યા છે ! જૈન ધર્મનો અજોડ રૂપક ગ્રંથ 'ઉપમિતિ **ભવપ્રપંચા** કથા'- એ ગદ્ય-પદ્યમાં છે, એને ઉપાધ્યાયજી મહારાજે વિશેષ તત્ત્વ ભરપૂર બનાવી **'વૈરાગ્યકલ્પલતા'-** કાવ્યમય સંસ્કૃત મહાગ્રંથ બનાવ્યો ! પ્રભુના એ ગુણોમાં આપણી પ્રીતિ ભળે એટલે આપણને એ ગુણ જ ગમે; એના પ્રતિપક્ષી દોષ ન ગમે.

**પ્રભુગુણ-પ્રીતિમાંથી અનેક સુકૃતો :**

સારાંશ, પ્રભુગુણમાં, આપણી પ્રીત ભળવાથી અર્થાત્ એ ગુણોની મનને લગન લાગવાથી, એના પર એમાંથી પ્રેરણા લઈને મન-વચન-કાયાના અનેક સુકૃતો સરજાય છે. પ્રભુગુણો પર ઊછળતી પ્રીતિ વાંઝણી નથી હોતી, એ પ્રભુગુણ-પ્રીતિમાંથી સુંદર અને સ્વ-પર-કલ્યાણકારી સુકૃતો જન્મે છે. પુત્રને માતા જો સારી મળી હોય, તો પુત્ર માતાના ગુણ ગાયા જ કરે છે, પછી અવસરે એમાંથી સેવાનાં સુકૃત ટપકી પડે છે, એ શેનો પ્રભાવ ? માતા પર ગુણ-પ્રીતિનો.

**લાલભાઈ શેઠનો માતૃપ્રેમ :**

લાલભાઈ દલપતભાઈ શેઠને ગુણિયલ ગંગામા પર અનહદ પ્રેમ તે એવો કે લાલભાઈ શેઠ જમવા આવે ત્યારે એમની પત્ની રસોડામાં હોય તો બહાર નીકળી

જાય, અને ગંગામા ત્યાં હાજર થઈ જાય, અને એ લાલભાઈના ભાણામાં પીરસી પીરસીને જમાડે ! આ કળિયુગની વાત છે હોં, બની શકે ? હા, બનાવવું હોય એને બની શકે. અને જે સમજે કે પત્ની પીરસે એમાં ભોગો અપવિત્ર કામરાગ પીરસાય, ત્યારે માતા પીરસે એમાં પવિત્ર પુત્રવાત્સલ્ય પીરસાય; જે અવસરે ધર્મનો ઉત્તેજક બને. જુઓ –

લાલભાઈ શેઠ પાસે સંઘવાળા આવી કહે : 'શેઠ ! સમેતશિખર પર દિગંબરો તરફથી આફત છે. આપ રક્ષાનું કાંક કરો.' શેઠ કહે : 'ભાઈ એટલે બધે દૂર આપણે પહોંચવું મુશ્કેલ છે.' સંઘવાળા નિરાશ થઈને ગયા ગંગામા પાસે, બધી વાત કરી. માતા કહે : 'ફિકર ન કરો. હું લાલભાઈને સમજાવીશ'. પછી જમવાના ટાઈમે લાલભાઈના ભાણામાં રોટલીને બદલે હાથના કંકણિયા મૂક્યા.

લાલભાઈ કહે : 'આ શું ?'

મા કહે, 'ભાઈ ! હવે તું એમ કર, તારાથી શિખરજીની રક્ષા નહિ બને, અમારા કંકણિયા ને સાડી તું પહેરી લે, અને મને તારા પહેરણ-ધોતીયું વગેરે કપડાં લઈ દે, જેથી એ પહેરીને હું શિખરજીની રક્ષા કરવા જઈશ.'

બસ, લાલભાઈ શેઠની આ ઠપકો સાંભળવાની જીગર નહોતી, તરત માતાને હાથ જોડી કહે : 'મા ! ક્ષમા કરો મને, હમણાં જ જઈને તજવીજ કરું છું.'

લાલભાઈ શેઠને માતા પર અપાર પ્રેમ હતો, એ પ્રેમ પર માતાને ઈષ્ટ શિખરજી રક્ષાનું સુકૃત શેઠે ઉપાડી લીધું.

**તિમ મુજ પ્રેમ અભંગ–**

પ્રભુ પરનો મારો પ્રેમ રોક્યો રોકાય તેમ નથી.

**ઢાંકી ઈક્ષુ પરાળશુંજી, ન રહે લહી વિસ્તાર;**

**વાચક યશ કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર...૫**

**ભાવાર્થ :** મોટી ઊગી ગયેલી શેરડી ઘાસથી ઢંકાયેલી (હોવા છતાં) વિસ્તાર પામ્યા વિના રહેતી નથી; તેમ વાચકયશ કવિ કહે છે કે પ્રભુ પર મારા પ્રેમનો પ્રકાર પણ એવો છે કે જે છૂપાયો છૂપાવી શકાતો નથી; અને જે શેરડીની જેમ વિસ્તાર પામ્યા વિના રહેતો નથી.

**વિવેચન :** વૃદ્ધિ પામેલી શેરડી ઘાસથી આચ્છાદિત કરવા છતાં પણ છૂપી રહી શકતી નથી. તે ઊંચી વધેલી જણાઈ જ આવે છે. તેમ કવિએ પોતાનો અતુલ પ્રેમ પ્રભુ પ્રત્યે દર્શાવ્યો છે કે તે છૂપાયો છૂપાવી શકાતો નથી. એટલે કે કવિની પ્રભુ પ્રત્યેની પ્રીત થોડા સ્તવનથી - થોડા ગુણગાનથી સંતોષાતી નથી, પણ વિસ્તાર

પામતી જાય છે. આપણે પણ આવો વિસ્તારવાળો, ઝાલ્યો ઝાલી રખાય નહીં ને અટક્યો અટકે નહીં તેવો પ્રભુગુણનો પ્રેમ કરવો છે. વીતરાગ પ્રભુના ગુણોનો અભંગ પ્રેમ એવો, કે એની સામે મોટા સુખ-સન્માનની લાલચ આવે તો પણ એની લેસ પણ મહત્તા ન ગણી, એ પ્રેમ ન છૂટે; ભલે સન્માન મળવાના રહી જાય તો કાંઈ નહિ.

**કવિ પંડિત ધનપાલનો પ્રભુગુણ-પ્રેમ :**

રાજા ભોજની સભામાં મહાન જૈન પંડિત ધનપાલ તે એણે ગદ્ય સંસ્કૃતમાં શ્રી ઋષભદેવ અને ભરત ચક્રવર્તીની અદ્‌ભુત કથા લખી. સંસ્કૃત ભાષા-લાલિત્ય કેવું કે ઇતરોમાં બાણકવિની કાદંબરી કથા પ્રસિદ્ધ છે, જે એમનામાં એ અજોડ ગદ્યકાવ્ય **(Prose-Poetry)** તરીકે ઓળખાય છે, એને કંઈગુણી ટપી જાય એવી આ ધનપાલ કવિની **'ઋષભકથા'** ! પછી એ કથા એણે રાજા ભોજને બતાવી, ભોજ પણ સંસ્કૃત ભાષા સારી જાણતો હતો, એણે પોતે સંસ્કૃત વ્યાકરણ રચ્યું છે, એવા વિદ્વાનને આ અદ્‌ભુત રચના જોવા મળી એટલે તો એ રાજીનો રેડ થઈ ગયો ! પછી રાજા ભોજ ધનપાલને કહે –

**રાજાની બેહૂદી માગણી :**

ધનપાળ ! ધનપાળ ! તમે કથા તો અદ્‌ભુત આલેખી. મને લાગે છે કે આનો વિશ્વમાં પ્રચાર થવો જોઈએ. જો તમે આ કથામાં અયોધ્યા નગરીના સ્થાને ધારાનગરી, ઋષભદેવના સ્થાને શંકરમહાદેવ, અને ભરતની જગાએ ભોજને ગોઠવી દો, તો આ તમારી કથાની પ્રતિઓ કરાવીને દુનિયાભરમાં પ્રસિદ્ધ કરાવી દઉં.

શું ચુસ્ત સમ્યકત્ત્વધારી ધનપાળ પંડિત આ સહન કરી શકે ? એ તરત તાડૂકી ઉઠ્યો, અને કહે છે –

**ધનપાલનો પ્રતિકાર :**

'મહારાજા ! માફ કરજો, ક્યાં મેરુ ? ને ક્યાં સરસવ ? એમ ક્યાં વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા શ્રી ઋષભદેવ ? અને ક્યાં અલ્પજ્ઞ શંકર મહાદેવ ? ઐરાવણ હાથીના સ્થાને ગધેડાને જો મૂકી શકાય તો જ આ ફેરફાર થઈ શકે.

રાજા આ સાંભળીને શું કરશે, એની પરવા ધનપાલે ન કરી. એણે તો પરમાત્માની હલકાઈ સાંભળતાં જ તત્કાળ એનો ફેંસલો સંભળાવી દીધો ! ત્યારે રાજાએ પણ ગુસ્સે ભરાઈને આ પુસ્તકને આખું ને આખું પાસેની સગડીમાં નાખી દીધું. પુસ્તક બળીને સાફ !

બોલો, ધનપાળને કેટલું દુઃખ થયું હશે ? કહો, પાર વિનાનું ! અતિ દુઃખિત થઈને ત્યાંથી ચાલ્યા ગયા ઘરે, ઘરે એમને ઉદાસ જોઈ એમની દીકરી

તિલકમંજરી પૂછે છે, 'બાપુ ! કેમ આજે ઉદાસ ?'

**ધનપાલનો કલ્પાંત :**

ત્યારે ધનપાલ કહે છે : 'બચ્ચી ! શું પૂછે છે ? આજ રાજાએ મારી આખી કથાપોથી સગડીમાં નાખી બાળી નાંખી ! મને બાળી નાખ્યો હોત તો મને આટલું દુ:ખ ન થાય. ઋષભદેવ ભગવાનના ગુણગાનથી ભરેલી આ તૈયાર કરેલી મારી કથા તો ત્રિભુવનના રાજ્ય કરતાં પણ અતિ અતિ કિંમતી શાસ્ત્ર હતું. હવે તો મારે એ સ્વપ્નું જ રહ્યું, હાય ! આ દુષ્ટ રાજાએ શું કર્યું ? હવે એ ફરીથી લખવા બેસું તો થોડી જ એ એ ભવ્ય સ્ફુરણાઓ મગજમાં આવે ? ઓ મારા નાથ ! આ અણમોલ નિધાન ગુમાવીને હવે હું ક્યાં જાઉં ? શું કરું ? આ વ્યથા કોને કહું ? ઓ પ્રભુ ! પ્રભુ ! કેવો મારો મહાન પાપોદય !'

**પુત્રીને આખો ગ્રંથ મોઢે :**

ધનપાળ પંડિતનો આ કલ્પાંત જોતાં પુત્રી તિલકમંજરી કહે : "બાપુ ! બાપુ ! શું કામ આ કલ્પાંત કરો ? જરાય ચિંતા ન કરો. મારા મગજમાં આપનો ગ્રંથ તૈયાર છે. આપ જ્યારે મહાગ્રંથ લખી રહ્યા હતા ત્યારે હું એ વાંચતી રહેતી, ને તે આજે સંપૂર્ણ ગ્રંથ મને કંઠસ્થ છે. હું બોલતી જાઉં છું, આપ લખવા માંડો !..."

ધનપાલ સાંભળીને ચકિત થઈ જાય છે ! અને ખોવાઈ ગયેલ અપૂર્વ મહાન નિધાન પાછું મળ્યા જેવો અવર્ણનીય આનંદ અનુભવે છે. તિલકમંજરીએ આખો ગ્રંથ અક્ષરેઅક્ષર લખાવ્યો; અને એના એ ગુણની સ્મૃતિરૂપે ગ્રંથનું નામ મહાકવિએ **'તિલકમંજરી'** એવું રાખ્યું.

આ હતી ધનપાલ પંડિતને અનહદ ને અનન્ય જિનગુણ-પ્રીતિ ! અને એના પર જે તિલકમંજરી મહાશાસ્ત્રનું સર્જન કર્યું, એ જાણે પીવત ભરભર પ્રભુગુણ પ્યાલા ! અને યશોવિજયજી મહારાજ કહે છે : 'તિમ મુજ પ્રેમ અભંગ'. ઉપાધ્યાયજી મહારાજે લાખો શ્લોક-પ્રમાણ શાસ્ત્રો રચ્યા ! કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે ૩ ॥ કરોડ શ્લોક-પ્રમાણ શાસ્ત્રો લખ્યા ! સૂરિપૂરંદર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ૧૪૪૪ શાસ્ત્રો લખ્યા ! આ બધું શું છે ? પીવત ભરભર પ્રભુગુણ પ્યાલા'. પ્રભુગુણરસના પ્યાલા ભરીભરી પ્રેમપૂર્વક પીતાં પીતાં 'તિમ મુજ પ્રેમ અભંગ,' મારો પ્રેમ અભંગ અતૂટ થઈ ગયો. પ્રેમ તૂટવાની વાત જ ન રહી. પ્રેમની ધારા ચાલી ચાલી તે ચાલતી જ રહી. અંગ્રેજીમાં કહેવત છે **'Practice makes a man perfect'** જેનો અભ્યાસ કરો એની પૂર્ણતા આવે, નિષ્ણાતતા આવે. છોકરીઓ પહેલાં રસોઈની પ્રેક્ટિસ કરે છે. એ કરતાં કરતાં પછી રસોઈમાં નિષ્ણાત થઈ જાય છે. એમ સીવણ વગેરે કાર્યમાં પ્રેક્ટિસથી એની નિષ્ણાતતા આવે

છે. એમ પ્રભુના ગુણોથી આકર્ષાઈ એ ગુણોને ગીતમાં ઉતાર્યે જઈએ, તો એવી નિષ્ણાતતા આવે છે કે પછી ગુણ-ગીતની ધારા ચાલ્યા જ કરે, ચાલ્યા જ કરે...એ રીતે પ્રભુગુણનો પ્રેમ અભંગ અતૂટ બની જાય.

**પ્રશ્ન:** પણ મૂળ પાયામાં **(૧)** પ્રભુના એટલા ગુણ મનમાં સ્ફુરતા જ ન હોય, ને નજર સામે આવતા જ ન હોય, તેમજ

**(૨)** કાવ્ય બનાવવાની કશી આવડત કે મહાવરો જ ન હોય, પછી શું થાય ?

**ઉત્તર:** (૧) પ્રભુના ગુણો મનમાં સ્ફુરે એવું કરવા માટે અર્થાત્ આપણા મનમાં પ્રભુના ગુણ એક પછી એક સ્ફુરતા આવે, એ માટેનો એક ઉપાય આ પ્રમાણે છે –

**(૧) પ્રભુના ગુણો સહેજે સ્ફુરે એનો ઉપાય :**

પ્રાચીન કવિઓના પ્રભુનાં સ્તવનો લઈ, પછી એકેક સ્તવનની એકેક કડીમાં જોવું કે પ્રભુના કયા ગુણની એમાં સ્તવના કરી છે ? એમાં એક ગુણ હોય તો એક, ને બે-ત્રણ ગુણ હોય તો ૨-૩, યાદ કરી લેવા. પછી બીજી કડીના ગુણ લઈ એને પૂર્વની સાથે જોડવા. એમાં વળી પછી ત્રીજી કડીના ગુણ લઈ જોડવા... એમ એમ કરતાં ગુણોનું એક લંગર તૈયાર થાય તે આપણે સરળતાથી પ્રભુ આગળ 'હે અરિહંત ! હે ભગવંત ! હે વીતરાગ ! એમ સળંગ ચલાવી શકીએ. 'માતા મરુદેવીના નંદ' સ્તવન છે, તો એમાંથી 'હે મરુદેવાનંદન ! તમારી મૂર્તિ મનને લોભાવનારી છે. હે ઋષભદેવ ભગવાન ! એ મૂર્તિ-મુદ્રાની પાછળ કારણભૂત તમારું રૂપ અનુપમ ! વળી એ રૂપને પેદા કરનારી સર્વજીવ-કરુણાના હે સ્વામી ! વળી એ કરુણાથી કંચનવર્ણી દેહને પ્રાપ્ત કરનારા હે પ્રભુ ! વળી એ કરવાનો ઉપયોગ શો ? તો કે એ કાયાથી જોજન ગામિની મીઠી મધુર તત્ત્વવાણી વરસાવનારા હે અરિહંત વિભુ ! વાણી એવી મીઠી રેલાવી કે જેણે રંભા-ઉર્વશીને ત્યાં નાચતી કરી દીધી ! હે વીતરાગ ! આપ કેવા જગત સોભાગી કે એ રંભા-ઉર્વશી મૂંગી નહોતી નાચતી પરંતુ નાચતી ને ગાતી કે **'તું હી બ્રહ્મા... તું હી બ્રાતા...'** હે સિદ્ધાચલના રાજા ! આમ સ્તવનો ચૈત્યવંદનોને સ્તોત્રો પરથી પ્રભુના ગુણોની હારમાળા બનાવી શકાય. એમાંથી ૩-૩ ગુણોનું ગ્રુપ કરી કરી બોલીને જોડતાં જોડતાં લાંબી હારમાળા યાદ રહી જાય. પછી સળંગ એનાથી ગુણગાન કરી શકીએ.

**(૨) પછી એ ગુણોને ગીતમાં-કાવ્યમાં કેમ ઉતારવા ? એની એક ચાવી આ છે, કે-**

પ્રાચીન પુરુષોનાં સ્તવનોમાં જ આપણે જાતે જ એકેક ગુણથી એકેક કડી બનાવી બનાવી એમાં જોડી દઈએ દા.ત. 'જગજીવન જગવાલહો' સ્તવનની છેલ્લી કડીમાં છેલ્લે આવ્યું... 'દેજો સુખનો પોષ' પછી એમાં નવી કડી જોડવા માટે ભાવ આ, કે 'પ્રભુ તમે અખૂટ ખજાનાવાળા છો, અને એમાંથી થોડું દેતાં તમારે કાંઈ

ઓછું થવાનું નથી, તો અમને દો.' હવે આને કાવ્યમાં જોડવાનું આ રીતે -

**'ગુણ ગણાનંત છે તુમ વિશે, તુમ ઉદારમુનીશ લાલ રે;**
**વિશ્વાસ છે મુજ મોટકો, દેશો ગુણનો અંશ લાલરે.'**

વાત આ છે કે જીવનભર પ્રભુ ગુણ-પ્યાલાની એષણા-લગની લાગી જવી જોઈએ. છેવટે કવિએ કહ્યું : જેમ શેરડી વધતાં વધતાં પછી ઘાસના આચ્છાદનથી ઢાંકવા જાય તો ઢાંકી રહેતી નથી. એમ મને પ્રભુનો પ્રેમરંગ, પ્રભુના ગુણનો પ્રેમ... એવો વધતો ને વધતો રહે છે કે પ્રભુનાં સ્તવન-સ્તોત્રોથી એ પ્રેમને છીપાવવા જાઉં, તો એ છીપતો નથી. અરે ! પ્રેમ વધતો વધતો અટકતો નથી, વધતો જ જાય છે. જિનેશ્વર ભગવાનના સ્તવનનો ચમત્કાર એવો છે કે જેમ જેમ સ્તવન રચાતા જાય, તેમ તેમ પ્રભુપ્રેમ વધતો જ જાય. એ પરથી સૂચિત થાય છે કે શુદ્ધ હૃદયથી પ્રભુના ગુણગાન કરતા ચાલો, તેમ તેમ તમારો પ્રભુ પ્રત્યેનો પ્રેમ વધતો જ રહેશે, ગુણ-પ્રીતિ વધતી જ રહેશે.

**(ઈતિ શ્રી સુમતિનાથ જિન સ્તવન વિવેચના)**